R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

DECEMBER - 2018

Total - 40 Pages

Vol No. 62 Issue No.9

WELCOME

2019

## પ્રભુ એટલું આપજો


પ્રભુ એટલું આપજો, કુટુંબ-પોષણ થાય, ભૂખ્યા કોઈ સૂવે નહિ, સાધુ સંત સમાય,
અતિથી ભોંઠો નવ પડે, આશ્રિત ના દુભાય, જે આવે મમ આંગણે, આશિષ દેતા જાય.
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે મમ હિત, શત્રુ ઈચ્છે મિત્રતા, પડોશી ઈચ્છે પ્રીત;
વિચાર, વાણી વર્તને, સૌનો યાચું પ્રેમ, સગાં સ્નેહી ને શત્રુનું ઈચ્છું કુશળક્ષેમ.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન, જીભ બનાવી બોલવા ભલું કર્યું ભગવાન
ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તે સંસાર, પૃથ્વી પાણી પર્વતનો તેં કીધા તૈયાર
તારા સારા શોભીતા સૂરજને વળી સોમ તે તો સઘળા તેં રચ્યાં જબરૂ તારું જોમ
અમને અદકાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર, બોલે પાપી પ્રાણીયો, એ તારો ઉપકાર
કાપ કલેશ કંકાશને, કાપ પાપ પરિતાપ, કાપ કુમતી કરુણા કીજે, કાપ કષ્ટ, સુખ આપ.


# વાડસોલ ભૂમીનો ધૂમકેતુ ખરી પડયો !!

સંઘના માજી પ્રમુખ તથા પથ દર્શક

**સ્વ. રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (લટકારી) (R.K. Kadakia) ને**

શ્રી બાલાસિનોર નવયુવક તરફથી આદરાંજલી







## સ્વ. રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (લટકારી)

**જન્મ : ૨-૧૦-૧૯૩૪ - સ્વર્ગવાસ : ૪-૧૨-૨૦૧૮**

**આત્મીય સ્વજન શ્રી રજનીકાંતભાઈ, આપે કર્મણ્યે વાધિકારસ્તેનું જીવનના છેલ્લા શ્વાસ સુધી અક્ષરશઃ અનુકરણ કર્યું હતું. આપનો નિખાલસ અને માયાળુ સ્વભાવ સદા યાદ રહેશે. આપે વ્યવહારમાં સહુ જોડે સુમેળભર્યો સંબંધ જાળવ્યો હતો. આપનો સંગાથ ગુમાવ્યાનું અમોને અત્યંત દુઃખ છે. સંસ્થાની પ્રગતિમાં આપનો અમૂલ્ય ફાળો રહ્યો હતો. સંસ્થાના કાર્યો માટે આપ સદૈવ અગ્રસર રહ્યા હતા. સંસ્થાની સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ચેતનવંતી બનાવવામાં આપનું મહત્વનું યોગદાન હતુ. સંસ્થાના એક શુભેચ્છક અને હિતચિંતક તરીકે આપ હમેશા સંસ્થાની પ્રગતિ માટે કર્મશીલ રહ્યા હતા. સંસ્થાનું હિત હંમેશા આપના હૈયે વસતું. આપના પાર્થિવ શરીરે ભલે વિદાય લીધી, પણ આપની નિષ્ઠા અને ભાવના હમેશા યાદ રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૨ | ૯ | ૨૧-૧૨-૨૦૧૮ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

***

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

***

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

***

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

# GOOD BYE - 2018

**આવી રહ્યું છે નવું વર્ષ**
**ખુશી લાવશે આ નવું વર્ષ**
**નવી આશાઓ લાવશે આ નવું વર્ષ**
**હરખે વધાવીએ આ નવું વર્ષ**

# WEL COME - 2019

આજે આપણે વર્ષ ૨૦૧૮ના અંતિમ દિવસોની ગણત્રી ગણી રહ્યા છીએ. દુનિયભરના તમામ દેશોમાં નાતાલની ઉજવણીની અને નવી વર્ષ ૨૦૧૯ ને વધાવવાની હર્ષોલ્લાસ સહ તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ચાલો આપણે વિતેલું વર્ષ ૨૦૧૮ માં એક નજર કરીએ. ભૂલો જોઈ નવા બનેલા સંબંધો, કોઈ સંબંધોમાં ઉત્તપન્ન થયેલી કડવાશ, કોઈ અધૂરુ રહેલું કાર્ય, આપણા જીવનમાં આવેલ ફેરફારોનું સરવૈયું કાઢીએ.

દરેક નવા વર્ષમાં આપણે કંઈક નવું કરવાનું નક્કી કરતા હોઈએ છીએ. જે ક્યારે પહેલા ન કર્યું હોય. કોઈ ફરવાનો સંકલ્પ લે છે, તો કોઈ ફીટ રહેવાનો સંકલ્પ લે છે. કોઈ દરેક દીવસ પોતાની ચહેરા પર સ્માઈલ લાવવાનો તો વળી કોઈ રોજ સારુ કામ કરવાનો સંકલ્પ કરે છે. જે વસ્તુ આ તમામ સંકલ્પો માટે પ્રેરીત કરે તે છે વિચાર. વાંચો એવા જ પ્રેરણાદાયક રિઝોલ્યુશન

વિચાર જે આ નવા વર્ષની પ્રેરણા બની રહે.

નવા વર્ષમાં આપણાથી કોઈનું પણ અહિત ન થાય, સર્વેના અધૂરા કાર્યો પૂર્ણ થાય. આવતુ નવુ વર્ષ આપ સૌને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય બક્ષે. આપ પ્રગતિના તમામ શિખરો સર કરો.

**નવી દિશા, નવો સૂરજ ઉગાડ જે નવા વરસ**
**નવી તરસ, નવો જ રસ જગાડજે નવા વરસ**
**'અશક્ય' શબ્દની તું બાદબાકીઓ કરી**
**તું શક્યતાની બારીઓ ઉઘાડજે નવા વરસ**
**તું મજબૂરી રૂપી એ ચર્મનો ખ્યાલ રાખજે.**
**સમયનો ઢોલ ધીમેથી વાગડજે નવા વરસ**
**બધાનાં હિતમાં સદા બધાનું હિત રાખજે,**
**બધાને સારા દિવસો દેખાડજે નવા વરસ.**

✤✤✤✤✤

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., Email : aydharia@gmail.com ને મ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**




# પ્રભુના દર્શનની ઝાંખી કરાવતી મધુરાષ્ટકમ

**અધરં મધુરં, વદનં મધુરમ્, નયનં મધુરમં, હસિતં મધુરમં ।**

**હૃદયં મધુરં, ગમનં મધુરં, મધુરાધિપતિ, રખિલમં મધુરમ ।।**

પ્રભુના વંદન અને દર્શનની ઝાંખી કરાવતું આ મધુરાષ્ટકમ શ્રેષ્ઠ છે. પ્રભુના દર્શનની આ અષ્ટમમાં અદ્ભૂત ઝાંખી છે. આ મધુરાષ્ટકમ પુષ્ટિ સંપ્રદાયમાં પ્રચલિત તો છે જ પરંતુ શ્રીજી બાવામાં જેને પ્રીતી છે તેમનું માનીતું પદ છે. વૈષ્ણવ જગતનું આ અદ્ભૂત નજરાણું છે. આ અષ્ટકનમાં હૃદયને પુલકિત કરીતું આ ગીત છે.


સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીયા ના જે જે શ્રી ગોકુલેશ

# સંતોષ મોટુ ધન

- શૈલેષ દેસાઈ

જિંદગી આખી શાંતિપૂર્વક જીવવી હોય તો કેટલીક ગુરુચાવી ઈશ્વરે આપણને આપી છે એને અનુસરવાથી ક્યારેય તકલીફ થઈ હોય એવા દાખલા નથી. ગુણાનુરાગી વ્યક્તિ અનેક મુશ્કેલ પરિસ્થિતીને હળવી બનાવે છે.

પ્રશ્નો વિનાની જિંદગીની કલ્પના જ અવાસ્તવિક છે. ઈશ્વરની માયા કહો કે આપણુ જીવન બંન્ને હંમેશા સમતોલ રસ્તે જ ચાલે છે. ચારેબાજુ નજર દોડાવો, દરેક વ્યક્તિ પોતાના જીવનના પ્રશ્નો, જરૂરીયાતો સંતોષવા એવો ગૂંથાયેલો હોય છે કે એ કદાચ જીવનભર પોતાનું જીવન પણ સરસ જીવી લે તો અન્ય કુટુંબીજન માટે આર્શીવાદરૂપ બને છે.

ભૌતિકતાની અસર વધતી ચાલી છે. સિમેન્ટ કોંક્રીટના જંગલો ઊભા થઈ રહ્યા છે અને જ્યાં કુદરતી ખજાનો છે ત્યાં પણ હવે વિકાસના નામે મનુષ્યે પગપેસારો કરતાં સ્વચ્છ હવા, શાંતિ વગેરે ધરાવતા સ્થળો કેટલાક મૂળભૂત સ્વરૂપે બચશે તે તો સમય જ કહેશે. પાણી પૈસાથી વેચાતુ થયું છે અને હવે શુધ્ધ હવા પણ દિલ્હીમાં કિલોના ભાવે વેચવાનું શરૂ થયું છે.

આપણે જ આ બધી બાબતોનો રસ્તો આપણે આપણા પૂરતો કાઢવો જ રહ્યો. રાતોરાત કશુ બદલાતુ નથી પણ ધીમે ધીમે શરૂઆત કરવાથી ઘણુ બધુ બદલાતુ ચાલશે. થાકીને કંટાળીને બેસવાથી પ્રશ્નો ઉકેલાતા નથી જ. નાનપણથી જન્માતાની સાથે જ બાળકે રડવાનું ચાલુ કર્યા પછી જીવન માટે ઝઝુમવું પડે છે. સમગ્ર આયુષ્ય મહેકી ઊઠે છે, આપણને આપણો રસ્તો મળી રહે. વાતવાતમાં અસંતોષ ઘેરી વળતો હોય એવા સ્વભાવની વ્યક્તિએ ખરેખર ફરીથી પોતાને વલોવવાની જરૂર છે.

ઘરમાં, નોકરીમાં, શરીર લક્ષી, સમાજલક્ષી, ભૌતિક જગના ખૂણેખુણામાં જ્યાં આપણે વસીએ છીએ ત્યાં દરેક જગ્યાએ અસંતોષ જ હશે. તો લાબું કેટલું ચાલશે ? બધું જ નકામુ લાગતુ હોય તો એ નકામાપણુ કદાચ આપણામાં ઊતરી નથી ગયું તે જોવું અનિવાર્ય છે. હાય બળતરા, અસંતોષ, ઈર્ષા, સરખામણી, લુચ્ચાઈ, નર્યો સ્વાર્થ વગેરે સ્વભાવના અંશ બની ગયા હશે તો મનની શાંતિ ખોવાઈ જશે.

પૂજાની રણકતી ઘંટડીઓ, બાળકોનો કિલ્લોલ, ઘરનું સ્વચ્છ સુંગધી વાતાવરણ, ચોખ્ખાઈ, વ્યવસ્થા કર્મયોગી જીવન, કરુણામય આંખો, કોઈને મદદરૂપ થવું, હસવું, આજુબાજુમા જગતમાં પાપ તેટલો વિદ્યાયક રોલ (ભૂમિકા) અદા કરવો, કોઈનું પડાવી લેવાની વૃત્તિઓથી દૂર રહેવું, અણ હક્કનું લેવુ નહિ, કોઈની મજબૂરીનો ફાયદો ન ઊપાડવો, શાંતિપૂર્વક થાય તેટલા કાર્યો કરવા, કડવા વચન ન બોલવા વગેરે બાબતો જીવનમાં ઊર્જાનું અમૃત બની રહે છે. કરુણા, ઉષ્મા, પ્રેમ વગેરે જેમ વહેડાવતા રહેશું તેમ આપણા જીવનમાં તેનો ઉમેરો થતો રહેશે. પૃથ્વી પરનો ધક્કો સફળ થા જાય તો માણસ તરીકે જીવી શકીએ. પશુ જીવન પણ પરોપકારી હોય છે. સંતોષ મોટું ધન છે. જે જ્યાં છે જેટલું છે એને વધાનો. બીજા સાથે સરખામણી કરીને પોતાના જીવનમાં આફતોને આમંત્રણ ન આપો. વેપારી, શિક્ષક, ધંધાદારી, સેવક વર્ગ, રક્ષક, જ્ઞાની વગેરે દરેક ભૂમિકાનું આગવું મહત્ત્વ છે. એકબીજા જેવું થવાની જરૂર નથી. ઈશ્વરને દરેકને પોતપોતાનો ટ્રેક આપેલો જ છે. એના પર સૌએ દોડવાનું છે. કોઈની સહાય વિના આપણે ખુદ રસ્તો કંડારવાનો છે.

ઈર્ષા ને અસંતોષથી એસીડીટી ઉત્પન્ન થાય છે. હાય બળતરા જેવા સ્વભાવથી જીવનનો આનંદ છીનવાઈ જાય છે. વધુ મેળવવાની લાલશા કુટુંબમાં પણ તનાવ ઉત્પન્ન થાય છે. પ્રભુ ને પ્રાર્થના કરો કે જે આપ્યુ છે તે પોતાની હેસીયતથી ઘણુ આપ્યું છે. આ વાક્ય દિવસમાં દસ વાર મનમાં બોલશો તો તેના વાઈબ્રેશનની અસર ઊંડે ઊંડે પહોંચશે. માણસને નસીબથી વધારે ને સમય પહેલા મળતુ નથી. કદાચ મળેલું હોય તો ફોગટમાં જાય છે.

✤✤✤✤✤

## શ્રી બાલાસિનોર મિત્ર મંડળ, મલાડ
### સમુહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન તા. ૬-૧-૨૦૧૯ના રોજ સાંજે ૬.૩૦ કલાકે નીચે આપેલ સ્થળે રાખવામાં આવેલ છે. તો સર્વેએ સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી છે.

સ્થળ : નડીયાદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદ્દાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭

**લી. દીલીપ એન.ધારીયા**

# પિછવાઈનો ઈતિહાસ

✍ તુષાર કડકીઆ

વ્રજલીલાની મૂક સાક્ષી પિછવાઈની સૌ પ્રથમ શરૂઆત શ્રી વલ્લભનંદન શ્રી ગુંસાઈજી પ્રભુચરણના શ્રીહસ્તે થઈ હતી. પુષ્ટિ-માર્ગનાં સંગીત અને સાહિત્યની સાથે પિછવાઈ કલાએ પણ સમસ્ત સમાજને પ્રભાવિત કરેલું છે. પિછવાઈ કલામાં રાજસ્થાનના શ્રીનાથદ્વારાને કમલવનની ઉપમા મળેલી છે. ઈતિહાસ બતાવે છે કે મોગલ બાદશા ઔરંગઝેબના ત્રાસથી થાકી જઈને રાજ્યાશ્રય મેળવવાની આશો વ્રજની પિછવાઈ કલાના કલાકારો શ્રીનાથજી  બાવા સાથે રાજસ્થાન આવેલ. પિછવાઈ કલાકારોને રાજસ્થાનમાં રાજ્યાશ્રય મળતાં જ શ્રીજીબાવા અને શ્રી વલ્લભ કુળના આશીર્વાદ સાથે પિછવાઈ કલા આસમાનમાં લહેરાવા લાગી. સુકી મરુ ભૂમિ હોવ છતાં રાજસ્થાનમાં જીવનનાં ઘણા બધા રંગો સમાયેલા છે. રાજસ્થાનમાં પિછવાઈ કલાકારો પોતાની પિછળાઈમાં રંગોનું મિશ્રણ નથી કરતાં બલ્કે વિવિધ રંગોનો સમન્વય કરી જગતને બનાવનાર જગદીશ્વરને પિછવાઈમાં પ્રગટ કરે છે. વ્રજની લોકલા પિછવાઈએ રાજસ્થાનમાં રાજ્યાશ્રય લીધા બાદ અનેક પ્રકારની શૈલીનો વિકાસ કર્યો. તમાં નાથદ્વારા શૈલી, મારવાડ શૈલી, બૂંદી શૈલી, કોટા શૈલી, કિશન ગઢ શૈલી, મેવાડ શૈલી, અલવર શૈલી, જયપુર શૈલી મુખ્ય છે. પિછવાઈકલાનાં ચિત્રોના સર્જનમાં લાલ, પીળા, નીલા, લીસા જેવા રંગોનો ઉપયોગ થાય છે. આ ઉપરાતં હલ્દી, સિંદૂર, ગેરૂ, પારિજાતના ફૂલો, વૃક્ષોનાં છાલ અને પાંદડાંઓ, કંદમૂળોમાંથી બનાવેલા કુદરતી રંગો, સોના તથા ચાંદીનું પ્રવાહી, મોતી, હીરા, માણેક, નીલમ, પન્ના, મિનરલ પાણી, માટી અને રત્નો, જડતર. રેશની દોરા આ ઉપરાંત લાખ, કાજળ અને સફેદો જેવા પદાર્થો વગેરેનો ઉપયોગ નાના મોટા પ્રમાણમાં થાય છે. વ્રજ ઈતિસાહમાં જણાવ્યાં પ્રમાણે આજથી ૪૦૦ થી ૫૦૦ વર્ષ પગેહા વૃક્ષોમાંથી બનતા કાગળ અને ભોજ પત્રો વધુ પ્રમામમાં ઉપલબ્ધ ન હોઈ સૂતર તેમજ રેશમી કપડાંઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેનો ઉપયોગ આ જ પર્યંત પરંપારગત રીતે થાય છે. પિછવાઈકલા એ વૈષ્ણવ સંપ્રદાયની વિશિષ્ટ અને આસ્થાપૂર્ણ ચિત્રશૈલી મનાય છે.

## પિછવાઈનું આધ્યાત્મિક ઝાંખી સ્વરૂપ

હવેલીઓમાં પ્રત્યેક દર્શનને માટે અને ભક્તોના મનમાં એક વિશિષ્ટ ભાવ સ્થિતિ ઉત્પન્ન કરવા માટે શ્રી ઠાકુરજીનાં વિવિધ સ્વરૂપોની પિછવાઈ બનાવવામાં આવે છે. દા. ત. બાલકૃષ્ણની સાથે વાત્સલ્યભાવમાં પૂર્ણ રીતે રંગાયેલા મતા યશોદા, ગ્વાલબાલ સખાઓ સાથે ખેલી રહેલા નંદનંદન, કૃષ્ણ અને રાગરાગિણી, ગીત ગોવિંદ, ષષ્ઠ ઋતુ, મનોરથ, ગોપીઓ સાથે બંસુરી બજાવીને વૃંદાવનને મંત્રમુગ્ધ કરી રહેલા મુરલી મનોહર, રાસલીલામાં રાધારાણી સાથે રમી રહેલા રાસબિહારીજી, ઝુલામાં ઝુલતાં ઝુલેલાલજી જોઈને પુષ્ટી અને મર્યાદા માર્ગિય વૈષ્ણવોના મન પિછવાઈ પર ઉપસાવેલા પ્રત્યેક ચિત્રોના ભાવોમાં જીવંત બની જાય છે. આ પિછવાઈઓ મુખ્યત : શ્રી ઠાકુરજી પ્રત્યે પોતાની ભક્તિ અભિવ્યક્ત કરવાનું મુખ્ય માધ્યમ છે.

## પિછવાઈનું આધિદૈવિક ઝાંખી સ્વરૂપ

શ્રી વલ્લભાચાર્ય પ્રભુચરણ જણાવે છે કે પુષ્ટિમાર્ગમાં દ્વાપરયુગમાં પ્રગટ થયેલા


શ્રી જતીન નવનીતલાલ દેસાઈ  ના જે જે શ્રી ગોકુલેશ

શ્રીકૃષ્ણાવતારમાં વ્રજભૂમિમાં પ્રગટ થયેલ શ્રીનંદબાબા, માતા યશોદાજી, વ્રજવાસીઓ, વ્રજવનસ્પતિ, ગાય માંકડા આદી વ્રજજીવો, વૃક્ષો, શ્રી ગિરિરાજજી સહિત સર્વ પરિકર તથા પનઘટ અને કુંડો, આભૂષણ અને વસ્ત્ર સેવા, સિંહાસન, ખંડપાટ, પિછવાી, નિજમંદિર, ધ્વજાજી, સામગ્રી, નિત્ય થતો સેવાપ્રકાર, વર્ષાન્દિક ઉત્સવો, શયન પાટ, હિંડોળા, ઝારી, બંટાજી આદી સર્વ લીલા સામગ્રી પદાર્થ અલૌક્કિ અને સ્વરૂપાત્મક છે. પુષ્ટિ માર્ગીય હવેલીઓમાં ઉપયોગમાં લેવામાં આવતી પિછવાઈઓ પ્રતિદિનના દર્શન, પર્વો તેમજ ૠતુઓ અનુસાર બદલાતી હોય છે. શ્રીનાથજીમાં પિછવાઈમાં શ્રીનાથજી બાવા સ્વયં, શ્રી કૃષ્ણ, શ્રી કૃષ્ણ લીલા, શ્રી કૃષ્ણ અને માતા યશોદા તથા બાલ સખાઓ, ગોચારણ લીલા, છાક લીલા, અસુર સંહાર, ગોપ અને ગોપીઓ સાથેની વિભિન્ન ખેલ ક્રીડાઓ, શ્રી ગિરિરાજજી અને ગિરિરાજજીની લીલાઓ, માખણ ચૂરૈયા બાલ કનૈયા, રાસલીલા, પનઘટ લીલા, નૌકા વિહાર, હોળીત્સવ, શ્રીકૃષ્ણ અને ષષ્ઠ ૠતુઓ, શ્રીજીબાવા અને અષ્ટયામનાં દર્શન, શાકઘર, પાનઘર, કૃષ્ણ ભંડાર, ફૂલઘર, દૂધઘર, નગારખાના (જ્યાંથી રોજ શરણાઈ અને નાગારા વાગે છે તે જગ્યા) શ્રી કૃષ્ણ અને રાગ રાગિણીઓ, શ્રી કૃષ્ણ અને દ્વારિકાલીલા, શ્રી કૃષ્ણનો ગોવર્ધન યાગ (અન્નકૂટ મહોત્સવ) વગેરેને મહત્વ અપાય છે.

હવેલીઓમાં ઘરોમાં શ્રી કૃષ્ણલીલાને સાકાર સ્વરૂપ આપતી પિછવાઈને વ્રજલીલાનાં પ્રતીક સ્વરૂપે માનવામાં આવે છે. દા.ત. નવવિલાસ અને શરદપૂર્ણિમા દરમ્યાન રાસલીલાની પિછવાઈ લગાવવામાં આવે છે. રાસ એટલે કે જેટલી પણ લીલા ભગવાન શ્રી કૃષ્ણએ કરેલી છે તે તમામ લીલાઓમાં જે લીલા સૌથી વધુ રસપૂર્ણ છે તે રાસ કહેવાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ એ શ્રીમદ્ ભાગવતનાં હૃદય સ્વરૂપે અને રાસલીલાએ પ્રાણરૂપ છે, કારણ કે રાસલીલાની ગોપીઓ જીવાત્માનાં પ્રતીક રૂપે છે અને શ્રીકૃષ્ણએ પરમાત્માનાં પ્રતિક રૂપે છે. રાસલીલાનાં રાસ દરમ્યાન જીવનું પોતાના પરમાત્મા સાથે મિલન થાય છે અને આ વાત સાંકેતિક રૂપથી પિછવાઈમાં બતાવવામાં આવે છે જે લોકો આ વાત સમજી નથી શકતા તેમના માટે પિછવાઈ એ શ્રી કૃષ્ણલીલાનું અંગ છે. તે જ રીતે દાન લીલાના દિવસો દરમ્યાન દાણની પિછવાઈ લગાવવામાં આવે છે. શ્રી ઠાકોરજી દાણ માંગી રહ્યા છે એટલે કે શ્રી ઠાકોરજી ગોપીઓ પાસે પ્રેમ અને ભાવ માંગી રહ્યા છે. દાણ દ્વારા શ્રી ઠાકોરજી કહે છે કે જો સખી હું સામે ચાલીને તારી પાસે આવ્યો છું, તો મારી ઉપર તારો સમસ્ત પ્રેમ ભાવ ન્યોછાવર કરી દે. જીવની ભગવદરૂપમાં પ્રિતી થાય તે હેતુથી શ્રી ઠાકુરજી સામે ચાલીને પોતાના દાણનાં રૂપમાં દહીંના દાણ માંગે છે અને દહીંના દાણ માંગ્યા છે તેના બે મુખ્ય કારણ છે પહેલું કારણ એ છે કે દહીં એ સ્નેહનું પ્રતિક છે અને બીજું કારણ એ છે કે વેદગ્રંથોમાં આપણી ઈન્દ્રીયોને દહીં સાથે સરખાવવામાં આવી છે. વ્રજનારીઓ પોતાના ઘરે દધિમંથન કરે છે તેમ જીવોએ પણ પોતાની ઈન્દ્રીયોનું મંથન કરવું જોઈએ. દાણલીલામાં શ્રી ઠાકુરજી મટુકી પણ તોડે છે તેનો અર્થ એ છે કે મટુકીઓ એ મસ્તકમાં રહેલ અભિમાનનું પ્રતિક છે અને શ્રી ઠાકુરજી મટુકી નથી તોડતાં પરંતુ આપણામાં રહેલા અભિમાન રૂપી ગુમાનને તોડે છે. માખણ ચોરીની લીલાની પિછવાઈમાં

બતાવે છે કે શ્રી ઠાકુરજી માખણની સાથે સાથે ગોપીઓના સરળ મન અને ચિત્તની ચોરી કરી પોતાના સ્વરૂપમા નિરોધ કરી નિઃસાધન વ્રજભક્તો ઉપર કૃપા કરે છે. નંદોત્સવની પિછવાઈ દર્શાવે છે કે ભાવ અને ભક્તિનો પ્રાદુર્ભાવ થયો છે અને આ બન્ને માંગવાથી નથી મળતો પણ તેને તો પ્રેમભાવે લુંટવો પડે છે. આ સમયમાં વૈષ્ણવોનાં તન, મન પોતાનાં બાલપ્રભુના જન્મોત્સવમાં આનંદિત થઈ લાલ, કેસરી, પીળા, ગુલાબી વગેરે રંગોથી નિખરી જાય છે. વસંતોત્સવ દરમ્યાન હોરી ખેલની પિછવાઈ લગાવવામાં આવે છે. કામદેવનાં પણ કામદેવ એવા ઠાકુરજીએ આ ઉત્સવના અધિદેવતા છે, સફેદ પિછવાઈમાં કેસરનાં છાંટણા કરીને અબીલ ગુલાલથી છાપ પાડવામાં આવે છે અને દર્શાવે છે કે શ્રી ઠાકુરજીનાં આવવાથી વૈષ્ણવોનું જીવન કેટલું રંગબેરંગી અને કલાત્મક થઈ જાય છે. હોળીના દિવસોમાં કુંજ-નિકુંજની પિછવાઈ લગાવવામાં આવે છે કારણ કે આ દિવસોમાં શ્રી ઠાકુરજી કુંજ-નિકુંજમાં હોળી ખેલ અને ધૂળેટીના રંગોથી સખાઓ અને સખીઓ સાથે રમે છે. કુંજોમાં છુપાવું અને અચાનક પ્રગટ થઈ સખા સખીઓની છેડછાડ કરવી એ પણ ખેલનો એક ભાગ બની જાય છે. કુંજ નિકુંજોની પિછવાઈમાં આ વાત સાંકેતિક રૂપથી બતાવવામાં આવે છે. કુંજ-નિકુંજનો બીજો ભાવ એ છે કે આપણા ઘર રૂપી વ્રજની નિકુંજમાં શ્રી ઠાકુરજી શ્રી વલ્લભની કાનીથી બિરાજે છે. દિવાળી અને ગોવર્ધન પુજાના સમયે અન્નકૂટની પિછવાઈ લગાવવામાં આવે છે. આ પિછવાઈમાં પ્રભુ બતાવે છે કે તું મને તારી ક્ષમતા મુજબ જે પણ રસ આપશે તેનો હું સહર્ષ સ્વીકાર કરીશ બસ મને તારી અંદર રહેલા તમામ ભાવો રૂપી રસો અર્પણ કરી દે. આ જ રીતે પ્રબાધિનીમાં વિવાહ ખેલની પિછવાઈ ઉપયોગમાં લેવાય છે. જે જીવનું પોતાના પરમાત્મા સાથેનાં માધુર્ય ભાવનું પ્રતિક છે. આ ઉપરાંત પિછવાઈમાં આપણે હંમેશા ઘણા બધા પ્રતિકોરૂપી વિવિધ ડિઝાઈન જોઈએ છીએ. જેવી કે ધ્વજ, મોર, પોપટ, ગાય, મૃગ, સુર્ય, ચંદ્ર, હંસ, સારસ, કાચબો, પાણી, માછલી, કમળ, ગુલાબ, પનિહારી, ભથવારીઓ, માખણ, મટુકી, ગોપી, ગોપ, શ્રી ગિરિરાજજી, ઝુલો અને હિંડોળો, અશોકવૃક્ષ, કદંબ-છોંકરનું વૃક્ષ, ચંપાનું વૃક્ષ, કદલી-કેળના વૃક્ષો આદી વિવિધ વૃક્ષો, ઘટાઓ અને કુંજ-નિકુંજ, લતા પતાઓ, ખિલૌના વિધવિધ પ્રકારનાં ખિલૌના આદી જોવા મળે છે. આ સર્વે પ્રતિકોનાં પણ સાંકેતિક અર્થ પણ જોવા મળે છે.

આ પિછવાઈની આસપાસ જોશો તો ખ્યાલ આવશે કે તેમાં કૃષ્ણલીલામાં સાક્ષીક્ષાવે વ્રજનાં પશુ-પક્ષીઓ અને ફૂલો, લત્તા પતાો છે. જેનાં વિષે મારે લેખમાં જણાવેલ છે કે ક્યાં જીવનો કયો ભાવ છે.

**ખિલૌના :** પિછવાઈમાં ઉપસાવેલા ખિલૌના અને આપણે શ્રી ઠાકુરજીની સામે ખિલૌના (રમકડાં) મુકીયે છીએ તેનો અર્થ એ છે કે ખિલૌના જીવસ્વરૂપની ભાવના છે અને તે દ્વારા આપણે પ્રભુને કહીયે છીએ કે આપને ભક્તિ, મુક્તિ, વૈરાગ્ય, પ્રેમ, જ્ઞાન, વિદ્યા, વૈરાગ્ય વગેરે ખેલ અને ખિલોનાથી રમવું ઘણું જ ગમે છે તેથી આપ આમાંથી કોઈપણ ખિલોનાથી રમો અને જે ખિલૌનાથી ન રમવું હોય તે એમ જ પડયાં રહેવા દો. આમ સખ્યભાવનાથી આપણે પણ આપણી જાતને એટલે કે જીવ રૂપી ખિલોનાનું રૂપ લઈ શ્રી પ્રભુને આપણું સંપુર્ણ સમર્પણ કરી દઈએ છીએ અને પ્રભુને

કહિએ છીએ કે અમારામાં રહેલી સાત્વિક, રાજસી, તામસી અને નિર્ગુણ વૃત્તિના ખિલૌના વડે પ્રભુ આપ રમો અને જે રીતે એક બાળકની દોસ્તી ખિલોના સાથે થઈ જાય છે તેમ જીવરૂપી આપણી દોસ્તી પણ શ્રી ઠાકુરજી સાથે થઈ જાય તેવી ભાવના છુપાયેલી હોય છે.

**ઝુલો અને હિંડોળો :** હિંડોળા, ઝુલા એટલે આત્માને પરમાત્મામાં જોડી ભક્તિનાં પુષ્પો પ્રભુને અપર્ણ કરવાનો અનુપમ અવસર પરંતુ હિંડોળા અને ઝુલા દ્વારા પ્રત્યેક વૈષ્ણવ પોતાના હૃદયમાં માતૃત્વનો સંચાર કરી પ્રત્યેક ઘરનાં એકેએક યશોદા અને નંદને પોતાના લાડકવાયાને હૈયાની દોરીએ હિંચોળવાનો સંદેશો આપે છે અને પોતાના લાલનનું સામીપ્ય લેવાનો સુંદર અવસર આપે છે.

**ધ્વજ :** શ્રી ઠાકુરજીનાં વિજયનું પ્રતિક હોવાથી વૈષ્ણવોને તેમનાં (ઠાકુર) સ્વરૂપનું જ્ઞાન કરાવે છે, અને ધ્વજ દ્વારા પ્રભુ પોતાના ભક્તોને નિર્ભય કરે છે પરંતુ આપણા પુષ્ટિપ્રેમ અને ભક્તિમાર્ગના અધિપતિ વ્રજની સખીઓ અને ગોપીજનો છે તેથી ગોપીઓને પુષ્ટિમાર્ગમાં ગોપીપ્રેમ કી ધ્વજા કહી સંબોધવામાં આવે છે.

**તુલસી :** વૃંદાનો છોડ - તીર્થસ્વરૂપની ભાવનારૂપ છે.

**તુલસી પત્ર :** ભાવપૂર્વક પ્રભુને અર્પણ કરેલી સામગ્રીનું મહત્વ પ્રભુને મન અતિવિશેષ હોય છે. ભાવપૂર્વક આપેલી નાની અમથી વસ્તુની કિંમત બહુ મુલ્ય સંપત્તિ કરતાં પણ ભગવાનને મન વિશેષ છે, તુલસી પત્રનો બીજો અર્થ એ છે કે તુલસીપત્ર એ શ્રી રાધાજીના શ્રી અંગની સુગંધ છે. અશોક વૃક્ષ-અશોક વૃક્ષનું ઊંચુ મસ્તક એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના મસ્તકનું પ્રતિક છે. મસ્તક ત્યારે જ ઊચું હોય જ્યારે તેના રાજાને વિજયશ્રી મળે છે, અને શ્રી ઠાકુરજી આપણાં રાજા છે.

**કદંબ-છોંકરનું વૃક્ષ :** આ વૃક્ષ વ્રજનુ ધન કહેવાય છે અને જ્ઞાનનું પ્રતિક છે. તે દર્શાવે છે કે જે ગ્રંથોમાં શ્રી વલ્લભના હસ્તાક્ષર રહેલા છે સદાય તેનું શ્રવણ, મનન અને ચિંતન કરો. ચંપાનું વૃક્ષ-વ્રજમાં ચંપાના ફૂલને શ્રી રાધાજીનાં પિત્ત વર્ણ સાથે સરખાવામાં આવે છે અને ચંપાના ફૂલોની મહેંક તે રાધાજીના શ્રી અંગની સુગંધ છે તેમ માનવામાં આવે છે. જ્યારે લાલ વર્ણના ચંપાના પુષ્પો તે પ્રભુ ભક્તોની યાદ અપાવે છે.

**કેળ કદલીનાં વૃક્ષો :** પાવન અને પવિત્ર ગણાય છે.

**પુષ્પો :** જેમ ભગવાનના ચરણે ધરાતા પુષ્પો સુગંધી અને સુવાસિત હોય છે તે જ રીતે પુષ્પો ધરાવનારનું જીવન પણ તેના કર્મોથી સુવાસ ફેલાવતું હોવું જોઈએ.

**પાણી :** પિછવાઈમાં દેખાતું પાણીનો અર્થ છે - શ્રીયમુનાજી

**ઝરણા :** જે ભક્તજનોના હૃદયમાંથી પ્રભુને માટે વહેતા મનોરથો છે.

**વાંસળી :** વાંસળીએ પ્રભુની વાણી છે. જે સૂર અને નાદનાં સ્વરૂપમાં નીકળે છે. પ્રભુ નાદસ્વર પોતાની ફૂંક વાટે કાઢે છે અને તે નાદસ્વર પવન સ્વરૂપે ભક્તજનોનાં હૃદયમાં બેસીને સ્થિર અને અચલ થઈ જાય છે.

**છાકલીલા :** બાલ સખા સાથે છાક આરોગી રહેલા કૃષ્ણ સખ્ય ભાવ દર્શાવે છે. ✤✤✤✤✤


શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**સંચાલિત**

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગૂનવાલા)

**પુરસ્કૃત**

**ઉપનગર વિભાગ**

**દ્વિતિય પ્રોગ્રામ**

# 'નવું નાટક'

**સ્થળ :શ્રી પ્રબોધન ઠાકરે નાટ્ય મંદિર, ચામુંડા સર્કલની પાસે, બોરીવલી (વેસ્ટ)**

**તારીખ:૨૪-૦૨-૨૦૧૯, રવિવાર, સમય : સવારના ૯.૪૫ કલાકે**

**ટિકિટ દર :નીચેના રૂા. ૬૦/-, બાલ્કની રૂા. ૪૦/-**

**ટિકિટનું વિતરણ : તા. ૧૦-૨-૨૦૧૯, રવિવારે, સમય : સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકિટો મળશે**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, ૨ જે માળે, મુંબઈ - ૪

૨) **વાંદરા થી ગોરેગામ** : **શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી :** બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬

૩) **મલાડ થી કાંદિવલી** : **કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)**, એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વે), **શ્રી વસંત દેસાઈ** -મો. -૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરીવલી થી વિરાર** : **શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીયા :** ૩૦૨, વર્ધમાન એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૧૮૩૩૭૯

**ટિકિટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે**

વિતરણના દિવસે ટિકિટો વધશે તો નીચ જણાવેલ સ્થળેથી મેળવી લેવી

**મયુર ટ્રેડિંગ કોર્પોરેશન** : ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩
**સંપર્ક : જીગર કડકીયા - ૯૮૨૦૦૩૧૫૩૫**

**શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીયા** : ૩૦૨, વર્ધમાન એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૧૮૩૩૭૯

**મંત્રી : શ્રી ભાવેશ મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭** **સંયોજક : શ્રી ઉર્મિલ કડકીયા - ૯૮૧૯૧૮૩૩૭૯**

# શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર

**બાલાસિનોર**

**શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ**

## શ્રી ફગવા ઉત્સવ

ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ. આ વર્ષે આ ફગવા ઉત્સવનું આયોજન

**તા. ૧૫-૦૩-૨૦૧૯, શુક્રવાર**ના દિને ઉજવવામાં આવશે.

**: ઉત્સવના મનોરથી :**

**સ્વ. કાન્તીલાલ લલ્લુભાઈ શાહ (એફણી) નો પરીવાર**

**: સ્થળ :**

**બાલાસિનોર**

**તા. ૧૪-૦૩-૨૦૧૯, ગુરૂવાર,** ને સાંજે ૪.૦૦ કલાકે હાથીખાનાવાળું ફળીયા ખાતે સમાજ બેસશે.

**તા. ૧૪-૦૩-૨૦૧૯, ગુરૂવાર,** ને રાત્રે ૯.૦૦ કલાકે સિધ્ધનાથ પાર્ટી પ્લોટ ખાતે દાંડીયા રાસ આયોજીત કરેલ છે.

દશાનીમા વણિક વાડીમાં દશાનીમા વૈષ્ણવો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

**: કળશનો વરઘોડો:**

**તા. ૧૫-૦૩-૨૦૧૯ સવારે ૯.૦૦ કલાકે,** શોભાયાત્રા ગોકુલનાથજી મંદિર થઈને ધામધૂમથી ફગવે પધારશે.

**ફગવાનો મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા ફગવા બગીચે કરવામાં આવી છે.**

**સર્વે બાલાસિનોર દશાનીમા વૈષ્ણવો, આમંત્રિતો, ભાઈઓ-બહેનો, સહકુટુંબ, સહ પરિવાર પધારશો.**

**: આમંત્રિત :**

**સ્વ. કાન્તીલાલ લલ્લુભાઈ શાહ (એફણી) નો પરીવાર**

**દશાનીમા વણિકભાઈ દશાનીમા વૈષ્ણવો માટે નીચે જણાવ્યા મુજબ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

**સ્થળ : દશાનીમા વણીક વાડી**

| | | |
|---|---|---|
| **તા.૧૩-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચાહ-નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક** |
| | | **બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક** |
| | | **રાત્રીનું ભોજન - ૭.૩૦ કલાક થી ૯.૦૦ કલાક** |
| **તા. ૧૪-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચાહ-નાસ્તો, સમય : ૭.૩૦ થી ૯.૩૦ કલાક** |
| | | **રાત્રીનું ભોજન - ૮.૦૦ કલાક થી ૯.૩૦ કલાક** |
| **તા. ૧૫-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચાહ-નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક** |
| | | **રાત્રીનું ભોજન - ૭.૩૦ કલાક થી ૯.૦૦ કલાક** |
| **તા. ૧૬-૦૩-૨૦૧૯** | : | **સવારનો ચાહ-નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક** |
| | | **બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક** |

**નોંધ : સર્વે દશાનીમા વૈષ્ણવો કે જે મુંબઈથી વતનખાને ફગવા ઉત્સવ માટે પધારવાના છે. તેઓને અમારી નમ્ર વિનંતી છે કે તા. ૧૩-૧૪-૧૫-૧૬ ના પ્રસાદના પાસ નીચે જણાવેલ સ્થળોથી પ્રાપ્ત કરવા. પાસ વિના મુલ્યે આપવાના છે. ફક્ત વૈષ્ણવોની સુવિધા માટે ખાસ જણાવેલ છે. સ્થળની વિગત આવતા અંકમાં આપવામાં આવશે.**

# જીવન આનંદ છે.... સંગીત પણ આનંદ છે (સ્વાસ્થ્ય માટે)

✍ કિરીટ ધારીઆ

આપણા શરીરની બાયોલોજીકલ ક્લોક પ્રમાણે આપણા રોગો તૈયાર થયા હોય તેમ વર્તાય છે. સંગીતમાં સાત સ્વરો અને આપણાં શરીરમાં સાત ચક્રો સંલગ્ન છે. સ્વરોના સ્પદંનો સાથે આ ગતિશીલ ચક્રો શાંત પડી જાય છે. મગજને શાંત રાખવા કોમળ સ્વરોનો ઉપયોગ થાય છે. તે મગજને શુધ્ધ અને જાગૃત બનાવે છે. માનસિક આવેગો અને બીનજરૂરી ઉત્તેજના શાસ્ત્રીય સંગીત શાંત કરે છે.

આમ સંગીત કલાને ૬૪ કળાઓમાં સર્વશ્રેષ્ઠ કહેવામાં આવે છે કારણ કે આજના જમાનાના નાના મુખ્ય રોગો માટે ધીમા અવાજે સાંભળવામાં આવતા શાસ્ત્રીય સંગીત ફાયદાકારક છે.

મેડિકલ સાયન્સ દ્વારા પૂરવાર થયું છે કે રોજ થોડી મિનીટ ગમતો રાગ કે સંગીત સાંભળવાથી બીમારી બચાવી શકાય છે. જેવી કે ડિપ્રેશન, માઈગ્રેન, બ્લડપ્રેશર વગેરે સાથે સાથે રોગોનો સંબંધ ગ્રહ સાથે છે. તેમ સૂરો અને રોગોનો સંબંધ પણ ગ્રહો સાથે છે. જેથી ગ્રહ સાથેનો રાગ સાંભળવાથી ફાયદો મેળવી શકાય.

રાગો, ગીતો અને સ્વરો સાથે બાહ્ય સંગીતથી પણ ફાયદો થઈ શકે છે. વૈકલ્પિક સારવાર દવા ચાલુ રાખી વધારાની થેરેપી તરીકે સંગીત ઉપચાર કરી શકે.,

સંગીત અને કંઠનો સીધો સંબંધ છે. મગજના ઘણા પોઈન્ટ સાથે સંબંધ ધરાવે છે. નાક, મોંની અંદરની રચના, જીભ, શ્વાસનળી, ગળાનું દ્વાર, કંઠસ્થાન, ફેફસાં, છાતી અને પેટના ભાગને ગાતી વખતે (આખી સીસ્ટમને) મસાજ મળે છે અને ઊંડા શ્વાસ લેવાથી મગજ ઉપર પ્રાણાયમ જેવી અસર થાય છે.

ભાંગડા નૃત્ય રાગ પહાડી ગાવાથી નૃત્ય કરવાની ઈચ્છા થાય છે. નાની વયના બાળકોને બચપણથી સંગીતની તાલીમ આગળ જતાં ગણિતમાં પાવરધાં થાય છે.

સંગીતના દરેક સૂર સાથે શરીરના દરેક ચક્રોના સીધો સંબંધો હોવાથી તે પ્રમાણે એનર્જી મળે છે.

સુગમ સંગીત શ્રોતાઓના બલ્ડ પ્રેશર અને ઈસીજી નોર્મલ રાખે છે. 'ઓમ' ૐ શબ્દ શાસ્ત્રીય રીતે ઉચ્ચાર કરો તો શ્વાસ સાથે કરોડરજ્જુની રક્તવાહિનીઓમાં મોકલી શકાય છે. યોગ સંગીત થેરેપીસ્ટ ફાયદો મેળવવા વૈજ્ઞાનિક પધ્ધિતિથી સારવાર થઈ શકે.

## સ્વરથી ઈશ્વર સુધી

સ્વર એ જ ઈશ્વર છે. સાત સ્વરો અને સાત મહાસાગરો અનેક રાગ-રાગિણીઓ એકબીજામાં પર્યાય સમાન છે. સંગીત એ સનાતન-મૂળ કળા છે. ચાહે (ફિલ્મ સંગીત, સુગમ સંગીત કે ભાવસંગીત હોય) આજે રાગોની નજીક સિનેમાઓએ મૂકી દીધા છે.

સંગીતતો મહાસાગર છે. સાંભળવું, સમજવું અને લખવું એ ત્રણેમાં તાત્વિક ભેદ છે. સંગીતની આંતરિક સુંદરતા સુધી પહોંચવાની તક બધાને નથી મળતી. સંગીત દેવોની પણ ભાષા છે, તે જીંદગીનો મર્મ અને સચોટ સંદેશ આપી શકે.

સંગીત માનવજીવનનું અવિભાજ્ય અંગ છે. સંગીતનું વિવેચન અત્યંત સંવદેનશીલ અને જટિલ વિષય છે.

તાનસેન ભલે ન હોઈએ.... કાનસેન હોવું જરૂરી છે. સંગીત રસપ્રદ, જ્ઞાનપ્રદ અને આનંદપ્રદ છે.

**જ્યારે પ્રણયની જગમાં, શરૂતાઆત થઈ હશે,**
**ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.**


શ્રી પંકજ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)ના જે જે શ્રી ગોકુલેશ

## સંગીત થેરેપી -

એક ઝલક ફીલ્મી ગીતો/ગીતો

**૧) રોગ - હૃદય રોગ**

**રાગ : દરબારી, સારંગ**

૧) તોરા મન દર્પણ કહેવાયે...
૨) રાધિકે સૂરમેં બંસી બજાઈ...
૩) ઝનક ઝનક તોરી બાજે પાયલિયા...
૪) જાદુગર સૈયા...
૫) ઓ દુનિયા કે રખવાલે...
૬) મહોબ્બતકી જૂઠી કહાની પે રોયે...

**૨) રોગ - અનિંદ્રા-એંઝાઈટી**

**રાગ : ભૈરવી, ભીમપલાસી, સોહની, મધુમતી**

૧) તૂ ગંગાકી મોજ મે...
૨) ચિનગારી કોઈ ભડકે...
૩) ઝૂમતી ચલી હવા...
૪) રાધા ન કૈસે જલે...
૫) રસ્તે-એ-ઉલ્ફત...
૬) નાચે મન મોરા...

**૩) રોગ - એસિડીટી**

**રાગ : ખમાજ**

૧) આયો કહાં સે ઘનશ્યામ...
૨) છૂ કર મેરે મન કો...
૩) હમને તુઝકો પ્યાર કિયા હૈ કિતના...
૪) પિયા તોંસે નૈના...
૫) કૈસે દિન બીતે...

**૪) રોગ - અશક્તિ**

**રાગ : જય જયવંતી**

૧) સાજ હો તૂમ આવાજ હું મૈ...
૨) જીંદગી આજ મેરે નામ પે શર્માતી હૈ...

**૫) રોગ - યાદશક્તિ ક્ષીણ થવી -અલ્ઝાઈમર**

**રાગ : શિવરંજની**

૧) ન કિસી કી આંખ કા નૂર હૂં...
૨) મેરે નૈના સાવન ભાદો...
૩) ઓ મેરે સનમ....ઓ મેરે સનમ...
૪) દિલ કે ઝરોખોં મે... તૂજકો બીઠા કે...
૫) જાને કહાં ગયે વો દિન...

**૬) રોગ - ચિડીયો સ્વભાવ, એનિમિયા**

**રાગ : પીલુ**

૧) નદીયા કિનારે...
૨) મૈને રંગીલી આજ ચુનરિયા...
૩) મોરે સૈયાજી ઉતરેંગે પાર...
૪) આજ સોચા તો આંસૂ ભર આયે...

**૭) રોગ - મનોરોગ**

**રાગ : બિહાગ, મધુમતી**

૧) તેરે પ્યારમેં દિલદાર...
૨) પિયાબાવરી...
૩) દિલ જો ન કહે સકા...
૪) મતવાલી નાર ઠુમક ઠુમક ચલી જાયે...
૫) રસ્મ એ ઉલ્ફત કો નિભાયે....

**૮) રોગ-અસ્થમા**

**રાગ : માલકૌંસ, લલિત, ભક્તિસંગીત**

૧) તૂ છીપી હૈ કહાં...

૨) તૂ હૈ મેરે પ્રેમદેવતા...

૩) એક શહેનશાહને બનવાયા હૈ એ તાજમહલ...

૪) મન તડપત હરિ દર્શન કો આજ...

૫) આધા હૈ ચંદ્રમાં....

**૯) રોગ – માથનો દુખાવો**

**રાગઃ ભૈરવ, આહિરભૈરવ**

૧) મોહે ભૂલ ગયે સાંવરિયા...

૨) રામ તેરી ગંગા મૈલી....

૩) અલબેલા સજન આયો રે...

૪) પૂછો ન કૈસે મન......

**૧૦) રોગ-તનાવ**

**રાગ...**

૧) બદલો રે મેઘા...

૨) મધુબનમેં જો કનૈયા....

**૧૧) રોગ-શ્વાસનો રોગ**

**રાગઃ દરબારી**

૧) દિલ જલતા હૈ તો જલને દો...

**૧૨) રોગ – બલ્ડપ્રેશર**

**રાગ : ભોપાલી, આહિરભૈરવી, બૈરાગી, લલિત-તોડી**

૧) ચલ ઉડજા રે પંછી...

૨) જ્યોત કલશ છલકે...

૩) ચલો દિલદાર ચલો... ચાંદ કે પાસ ચલો...

૪) પંખ હોતે તો ઉડ જાતી મૈ...

૫) તૂ હૈ મેરા પ્રેમદેવતા...

૬) રૈના બીતી જાયે...

✤✤✤✤✤

# કબીર વડ

(શિખરિણી)

ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધુમસે પ્હાલડ સરખો;
નદી વચ્ચે ઊભો, નિરભયપણે એક સરખો
દીસ્યો હાર્યો જોદ્ધો, હરિતણું હૃદે ધ્યાન ધરતો;
સવારે એકાંતે, કબીરવડ એ શોક હરતો.
કદે દેખાવે એ, અચરતી જણાયે જગતમાં;
ખરે એ મ્હોરાનો, મગરૂબ રહે દેશ નવ કાં?
મનાયે સત્સંગે, પવિતર કબીરા ભગતમાં;
પ્રજાની વૃદ્ધિએ, નિત અમર કહેવાય નવ કાંય
જતાં પાસે જોઉં,વડ નહિ વડોનું વન ખરે,
મળે આડા ઊભા, અતિ નિકટ નીચે ઉપર જે.
વડો ઝાઝા તોયે, સહુ ભળી ગયે એક દીસતો;
વળી સાંધાઓનું અસલ જીવનું એક મૂળ તો.
કીયું ડાળું પ્હેલું કંઈ ન પરખાએ શ્રમ કરે.
ઘસેડયો પાડીને, અસલ વડ રેલે જન કહે,
તણાયા છે ભાગો, ઘણી વખત જો એ વડતણા;
તથાપિ એ થાયે, ફુટ વિસ ગુણ્યા સો પરિઘમાં.
ફૂટી ડાળોમાંથી, પ્રથમ તરૂકેરી નીકળતા.
ખૂંચે તેવા તંતુ, વધી જઈ નીચે જે લટકતા.
જટાની શોભાથી, અતિશ મથી ભેદી નવ શકે;
ઘટા ઊંચે એવી, જન શીતળ છાયા સુખ લીએ.
ખૂલી બાજુઓથી, બહુ પવન આવી જમીનને;
કરે ચોખ્ખી રૂડી પછી મિત થઈને ખુશી કરે.
ઘણાં જતું પંખી અમળ સુખ પામે અહીં રહી;
ઘણા જાત્રાળુઓ, અહીં ઊતરતા પુણ્ય સમજી.
ઘણા શિકારીઓ, ગમત કરતા રહે બહુ અહીં;
હજારો લોકોને, અડચણ સમાતાં અહીં નહીં.
ઘટા થાળાં લીધે, ઘણીક ફરવાને ગલઈ થઈ,
બખોલો બંધાઈ, રમણીય બહુ બેઠક બની;
નિરાંત જેમાં તો, ખુશી થકી રમે લાલ લલના,
નિરાંતે જેમાં તો, ખુશી થકી રહે જોગી જપમાં
ઠરી મ્હારી આંખો, કબીરવડ તુને નીરખીને,
ખરી પાપી બુધ્ધિ, ખરી જ રૂડી જાત્રા થઈ મ્હને;
વિશેષ શોભો છે, કબીરવડ તુંથી નરમદા;
કૃતાર્થી મ્હોટો હું, દરશન વડે છું નરમદા.

# ચલો બાલાસિનોર

શ્રી ગોકુલનાથજી મંદિરના સુવર્ણ જયંતી વર્ષના આયોજન સાથે આ વર્ષે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત ચલો બાલાસિનોર ૨૦૧૮ એટલે એક અનોખું આયોજન શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ચલો બાલાસિનોર ના કો-ઓર્ડીનેટર શ્રી જીગર મણીકાંત કડકીયા, સંયોજક શ્રી સુનિલ નવિનચંદ્ર મોદી (ઠાસરાવાળા) અને ઉપપ્રમુખ શ્રી સમીર જયેન્દ્ર ગાંધી, મંત્રી શ્રી ભાવેશ બિપીનચંદ્ર મોદી અને સહમંત્રી શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીયા અને સાથી કાર્યકર્તાઓના સાથ અને સહકાર સાથે દિવાળીની રજાઓ દરમિયાન ચલો બાલાસિનોર ૨૦૧૮નું આયોજન કર્યું તેના પળે પળનો સહભાગીથવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું.

ચલા બાલાસિનોરનું આયોજન ૧૭૯ જેટલા લોકોએ પેકેડમાં જોડાયેલા હતા. તેમની ટ્રેનીની ટિકિટ, બસ નંબર, નાસ્તા તથા જમવાની કુપનનું વ્યવસ્થિત કવરમાં પેકિંગ કરી કો-ઓર્ડીનેટર શ્રી જીગર કડકીયા અને શ્રી મનોજ પરીખની ઓફિસે મેસર્સ મયુર ટ્રેડિંગ કોર્પોરેશન, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ થી સર્વેને આપવામાં આવ્યું હતું. તા. ૩-૧૧-૨૦૧૮ થી તા. ૯-૧૧-૨૦૧૮ આયોજિત કરવામાં આવ્યું હતું. તા.૩-૧૧-૨૦૧૮ના રોજ વડોદરા એક્સપ્રેસ થી વડોદરા તા. ૪-૧૧-૨૦૧૮ સવારે તેમનું સ્વાગત શ્રી સુનિલ મોદી, શ્રી રૂપેશ ધારીયા (બાબાભાઈ), શ્રી અવિનાશ શાહ (બાદશાહ) બધા જ ૪ (ચાર) બસમાં બધા ગોઠવાઈ ગયા. બસમાં કાર્યકર્તાઓએ બિસલેરી પાણીની બોટલ, ચાહ, કોફી તથા બિસ્કિટ આપ્યા અને બાલાસિનોર તરફ પ્રયાણ કર્યું. બધા બાલાસિનોર તળાવ દરવાજા પાસે ઉતરી સીધા ઘરે જઈને સિદ્ધનાથ પાર્ટી પ્લોટમાં નાસ્તો કરી ઘરે ગયા.

જેમાં તા. ૪-૧૧-૨૦૧૮ અને ૫-૧૧-૨૦૧૮ શ્રી ગોકુલનાથજી મંદિરનું સુવર્ણ જયંતિ વર્ષ હતું એટલે તા. ૬-૧૧-૨૦૧૮ (વાઘ બારસ) થી ચલો બાલાસિનોરનો પર્વ શરૂઆત થઈ, ત્યારે જેમાં ૫૫૦ જેટલા જોડાયેલા હતા. સંઘે વણિક વાડીમાં આયોજીત તા. ૪-૧૧-૨૦૧૮ના રોજ મહેંદીમાં શ્રીમતી વૈશાલી સુનિલ મોદીના નેજા હેઠળ ૮૦ બહેનોએ ભાગ લીધો હતો અને સર્વે બહેનોએ મહેંદીનો રંગ માણ્યો હતો. રાત્રે ૯.૩૦ વાગે જમીને બધા લાઈન્સ કલબ હોલમાં કપલ ગેમ આયોજીત કરી હતી. જેનું સંચાલન ડૉ. રાકેશભાઈ તથા ડૉ. ભુકુટીબેન અને તેમની ટીમે કર્યું હતું. જેમાં ૨૮ કપલોએ આ કપલ ગેમમાં ભાગ લીધો હતો. એક એકથી સુંદર ગેમ કપલો આનંદથી રમતાં અને આગળના રાઉન્ડમાં પહોંચી અને અંતે શ્રી કલ્પેશ ગાંધી અને શ્રીમતી ક્રુતિક્ષા ગાંધી વિજેતા થયા. અને બધા લોકોએ રાતના ૧૨.૩૦ સુધી આનંદ માણ્યો. ડૉ. રાકેશભાઈ અને ડૉ. ભુકુટીબેનને અને તેમની ટીમે શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કમિટિના દરેક સભ્યનું ભેટ આપી બહુમાન કર્યું. સંઘના પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ ડૉ. રાકેશભાઈ અને ડૉ. ભ્રકુટીબેનને ગિફ્ટ આપી અને તેમનું અભિવાદન કર્યું. અને સાથે તેમની ટીમનો પણ આભાર માન્યો.

તા. ૬-૧૧-૨૦૧૮ (કાળી ચૌદસ) જનસાથી ક્રિકેટ ગ્રાઉન્ડમાં ક્રિકેટ મેચનું આયોજન શ્રી અપૂર્વ ધારીયા અને ઉત્સવ મોદીના સાથ સાથે ૩૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો. ૨ ટીમ પાડી ૨૦ ઓવર્સ મેચનો

આનંદ માણ્યો. મેચ દરમ્યાન શ્રી બકુલ શાહની રમતની સાથે હાસ્ય શૈલીમાં કોમેન્ટરી જેનો આનંદ ખુબ જ ઉદાર દિલે સર્વે લોકોએ માન્યો. મેચ ને અંતે શ્રી આયુષ પરીખની ટીમ વિજેતા બની. વિજેતા અને રનરઅપ ટીમને ઈનામ આપવામાં આવ્યું હતું.

પછી આવી તા. ૭-૧૧-૨૦૧૮ (દિવાળી) વણિક વાડીમાં લેડીસ બોક્ષ ક્રિકેટનું આયોજન. જેની આગેવાની શ્રીમતી તૃપ્તિબેન કેતન કડકીયા અને તેમને શ્રી અપૂર્વ ધારીયા, શ્રી ઉત્સવ મોદી, શ્રી સન્ની ગાંધી અને શ્રી નિલેશ શાહ (નગરશેઠ) ના સથવારે ૪૮ બહેનોએ ભાગ લીધો અને ૬ ટીમ બનાવી ૬ ઓવર્સની મેચો રમાડી બહેનોએ ખુબ આનંદથી આગ લીધો. અંતે પ્રતીતિ દેવાંગ મોદીની ટીમ જીતી. રનરઅપ દ્વીપ કેતન કડકીયા અને ફેર પ્લે ટીમનો અવની દેસાઈની ટીમે વિજય બનાવાનો આનંદ લીધો. બેસ્ટ બોલર દિપાલી ગાંધી અને બેસ્ટ બેસ્ટમેન પ્રતીતિ મોદી અને દ્વીપ કડકીયાને સંઘ વતી ઈનામ આપવામાં આવ્યા. બહેનોએ ખુબ આનંદ માણ્યો અને આ રમત વધુ કરવા સંઘને ભલામણ કરી. તા. ૭-૧૧-૨૦૧૮ (દિવાળી) ના રોજ શ્રી અક્ષયભાઈ પરીખ તરફથી બધાને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો.,

તા. ૮-૧૧-૨૦૧૮ (બેસતુ વર્ષ) રાત્રે જમ્યા પછી સંઘે સિદ્ધનાથપાર્ટી પ્લોટ ખાતે ડી.જે. અને દાંડિયા રાસનું ખુસ સુંદર આયોજન કર્યું હતું. સુંદર ડી.જે. હસમુખભાઈ (કડકસિંહ) પીરસ્યું હતું. ખેલૈયા સારું રમે તેનું ધ્યાન રાખવા ઈનામ આપવામાં આવ્યા હતા અને સંઘને માન આપીને શ્રીમતી વંદનાબેન દક્ષેશ મોદી અને શ્રીમતી અર્પિતા જીગર કડકીયા ને જજ તરીકે જવાબદારી આપવામાં આવી હતી. મધ્યાન્તરમાં પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ પોતાનું સુંદર વ્યક્તવ્ય રજુ કરી અંતે ઈનામો તેમના તરફથી આપવામાં આવ્યા. સંયોજક શ્રી સુનિલ મોદીએ પોતાના વ્યક્તવ્યમાં કાર્યકર્તા અને લોકોનો આભાર માન્યો. કો-ઓર્ડીનેટર શ્રી જીગર કડકીયાએ સુંદર વક્તવ્યમાં ફરી ચલો બાલાસિનોર કરવાની ટહેલ કરી અને સર્વેએ સ્વીકાર કર્યો. અંતે બધાએ આઈસ્ક્રીમની મોજ માણી, દાંડિયા રાસના આઈસ્ક્રીમ શ્રી કલ્પેશ ગાંધી, શ્રી સંજીવ મોદી, શ્રી તુષાર પરીખ, શ્રી નિલેશ શાહ, શ્રી મયુર શાહએ સ્પોન્સરરર કર્યો હતો.

## દાંડિયા રાસમાં વિજેતાના નામ :

**છોકરામાં** — **પ્રથમ : નિકેશ શાહ**
**બીજુ : અંકિત શાહ**

**છોકરીમાં** — **પ્રથમ : કોમલ શાહ**
**બીજું : અવધિ દેસાઈ**

**બેસ્ટ બાળકો : પાર્થી કડકીયા**

**બેસ્ટ સિનિયર સિટીઝન : સ્મિતા મોદી**

**બેસ્ટ સ્ટાઈલ : અપરી પરીખ**

**સ્પેશ્યલ ઈનામ : દર્ષ શાહ**

નવા વર્ષની શરૂઆત અતિ સુંદર રીતે કરી. જ્યારે તા. ૯-૧૧-૨૦૧૮ના દિવસે બધા પોતાના સામાન પેક કરી સાંજે ૫ વાગે તળાવ દરવાજે આવી પહોંચ્યા. ત્યારે સર્વે લોકો મઠયા, પાપડી, ડ્રેસ મટેરીઅલ, કપડા અને જરૂરી મસાલાની ખરીદી કરીને ગામજનોનો ધંધો વધારીને બસમાં બેસીને વડોદરા આવી પહોંચ્યા અને તા. ૧૦-૧૧-૨૦૧૮ના રવિવારે આરામ કરી ફરી મુંબઈની જિંદગીમાં ચલો બાલાસિનોરની યાદ વાગોળતા ખોવાઈ ગયા અને વતન ફરી આવીશું કરી મન મનાવી લીધું.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, વણિક વાડી, લાયન્સ કલબ હોલ અને સિદ્ધનાથ પાર્ટી પ્લોટના સંચાલકોનો ખુબ આભાર. ડેકોરેશન માટે શ્રી ઝાલાભાઈ, ડી.જે. માટે શ્રી હસમુખભાઈ (કડકસિંહ)નો આભાર માનવો ઘટે. રોજ સ્વાદિષ્ટ ભોજન પ્રેમ પૂર્વક બનાવનાર શ્રી મનહરભાઈનો અને પ્રેમપૂર્વક સિનિયર સિટીઝન જેમને બેસાડીને જમાડનાર કાર્યકર્તા અને સર્વે કાર્યકર્તાઓનો ખુબ ખુબ આભાર માનવો ઘટે. સરસ મજાની છાશ શ્રી જાસ્મીન બિપિન શેઠ અને એક વેલ વહીશર્સ એ સ્પોન્સોર કરી હતી.

ચલો બાલાસિનોર ૨૦૧૮ના વિવિધ કાર્યક્રમના અન્ય ખર્ચને પહોંચીવળવા માટે નીચે જણાવેલ ઉદારદિલ દાતાઓનો આભાર.

૧) શ્રી સુનિલ નવિનચંદ્ર મોદી
૨) શ્રી જીગર મણિકાંત કડકીયા
૩) શ્રી મનોજ રસિકલાલ પરીખ (બખલી)
૪) મેસર્સ ગુજરાત મિલ સ્ટોર્સ
૫) શ્રી પ્રશાંત સુરેશભાઈ પરીખ
૬) શ્રી દીપક નવનીતલાલ શાહ
૭) શ્રી સમીર જયેન્દ્ર ગાંધી
૮) શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ
૯) શ્રી ભાવેશ બિપિનચંદ્ર મોદી
૧૦) શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી
૧૧) શ્રી કેતન રજનીકાંત કડકીયા (ચોકસી)
૧૨) શ્રી બકુલ ચીમનલાલ શાહ (નગરશેઠ)
૧૩) શ્રી દીપક ચીમનલાલ શાહ (નગરશેઠ)
૧૪) શ્રી નિલેશ નવનીતલાલ શાહ (અઘોળી
૧૫) શ્રી કમલેશ ચંદ્રકાન્ત દોશી
૧૬) શ્રી ઊર્મિલ નવીનચંદ્ર કડકીયા
૧૭) શ્રી નિલેશ પ્રવિણચંદ્ર દેસાઈ
૧૮) શ્રી વ્યોમેશભાઈ નટવરલાલ શાહ
૧૯) શ્રી તેજસભાઈ શાહ (પીન્ટુભાઈ)
૨૦) શ્રી ટીનુભાઈ રજનીકાંત કડકીઆ (ચોકસી)
૨૧) શ્રી શશીકાંત બાબુલાલ મોદી
૨૨) શ્રી અજયભાઈ નટવરલાલ પરીખ
૨૩) શ્રી અક્ષયભાઈ નવનીતભાઈ પરીખ (બખલી)
૨૪) શ્રી કલ્પેશ મહેન્દ્રભાઈ ગાંધી
૨૫) શ્રી મયુર રજનીકાંત શાહ (ઠાસરાવાળા)
૨૬) શ્રી નિલેશ રજનીકાતં શાહ (ઠાસરાવાળા)
૨૭) શ્રી સંજીવ નવીનચંદ્ર મોદી
૨૮) શ્રી તુષાર જશવંત પરીખ
૨૯) શ્રી જાસ્મીન બિપિન શેઠ
૩૦) શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીયા (લાલખા)
૩૧) શ્રી વસંત નટવરલાલ દેસાઈ
૩૨) વેલ વહીશર્સ ૩ જણ

સંઘના પ્રમુખ શ્રી સૌમિલ મોદી જેમણે સંયમ પૂર્વક કાર્યકર્તાનો સાથ સહકાર લઈ પ્રત્યેક કાર્યક્રમની પ્રત્યક્ષ નજર રાખીને આયોજન સફળ બનાવ્યું.

ચલો બાલાસિનોર ની સ્મરણ કરતા કેદાર મહેદાવનું સૌંદર્ય, હનુમાન ટેકરીમાં ફટાકડા, નિશાળનો ચોકમાં ગોટી સોડા, ભીમ ભમરડોના મોટા પથ્થરો, સુદર્શન તળાવ, બેગમનો મહેલ, નવા વર્ષનો કાંતીપાર્ક કેમ ભુલાય. આપણી શેરીઓ સપનામાં હજી પણ યાદ આવે છે.

**તો આવતી દિવાળી માટે ચલો બાલાસિનોર આવવા તૈયાર છો ને.**

**સર્વેને જય જય શ્રી ગોકુલેશ**

✤✤✤✤✤

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા દિવાળી સ્નેહ સંમેલન નિમિત્તે તા. ૨૨મી નવેમ્બર ૨૦૧૮, ગુરુવારના રોજ ભારતીય વિદ્યા ભવનમાં આપણી જ બહેનો દ્વારા તૈયાર કરેલ નૃત્ય નાટિકા 'કર્મ લીલા' રજુ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી અરૂણાબેન રમેશચંદ્ર કડકીઆ (ધરીવાળા) હતા. તેમના તરફથી મહિલા વિભાગને આ કાર્યક્રમ નિમિત્તે માતબર દાન આપવામાં આવ્યું છે. મહિલા વિભાગ અરૂણાબેન તથા તેમના કુટુંબીજનોનું હૃદયપૂર્વક આભાર માને છે.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી અરૂણાબેન રમેશચંદ્ર કડકીઆનું સન્માન કરવામાં આવ્યું હતું. સંયોજક અલ્પા કડકીઆએ ઉપસ્થિત પ્રેક્ષકગણને નવા વરસની શુભેચ્છાઓ પાઠવી. સંચાલન બીજલ ગાંધીને સોંપ્યું હતું. મુખ્ય મહેમાનનો પરિચય કૃપા દેસાઈએ આપ્યો હતો. બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ અરૂણાબેનનું મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. કોરીયોગ્રાફર ડીરેક્ટર કૌમી શાહનું મોમેન્ટો આપી અલ્પા મોદીએ અભિવાદન કર્યું હતું. આભારવિધિ સેજલ કડકીયાએ કરી હતી.

'કર્મ લીલા' એક હાઈલી પ્રોફેશનલ નૃત્ય નાટિકા હતી. માટે જ તેની જાહેરાત એપ્રિલ મહિનાના કાર્યક્રમમાં કરવામાં આવી હતી. જાહેરાત કરતાંની સાથે જ ભાગ લેનાર બહેનોએ પોતાના નામ લખાવી દીધા હતા. જૂન મહિનામાં ઓડિશન લેવામાં આવ્યું હતું. પ્રેક્ટિસની શરૂઆત જુલાઈથી કરવામાં આવી હતી. આ નૃત્યનાટિકામાં ૬૦ બહેનોએ ભાગ લીધો હતો. પ્રેક્ટિસ બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસમાં તથા ભગિની સમાજ (ગોલ્ડ કોઈન) માં અને પરાં વિભાગની બહેનોની પ્રેક્ટિસ દર્શના પરીખ તથા મનિષા કડકીઆના ઘરે કરવામાં આવી હતી. મુંબઈની દરેક પ્રેક્ટિસમાં બીજલગાંધી તથા પરાંની પ્રેક્ટિસમાં કૃપા દેસાઈએ હાજરી આપી હતી. નૃત્ય નાટિકાનું ગ્રાન્ડ રિહર્સલ ૧૯ નવેમ્બર ૨૦૧૮, સોમવારના રોજ મરાઠી સાહિત્ય સંઘના ઓડિટોરિયમમાં રાખવામાં આવ્યું હતં. જેનો તમામ ખર્ચો એક શુભચિંતક તરફથી આપવામાં આવ્યો હતો. નૃત્યુ નાટિકાના નાટકના ભાગનું વોઈસ રેકોર્ડીંગ 'ગ્લોબલ સ્ટુડિયો' પરેલ ખાતે કરવામાં આવ્યું હતું.

Male Character Dialogue સચીન કડકીઆ, અનિશ ગાંધી, અનિશ શાહ, મિતુલ પરીખ તથા ધ્રુવીન કડકીઆ બોલ્યા હતા અને Female Character Dialogue બીજલ ગાંધી, અલ્પા કડકીઆ, પ્રીતિ ધારીઆ, કોમલ શાહ, અવધિ દેસાઈ તથા કૃપા દેસાઈ બોલ્યા હતા.

કલાકારોના ડ્રેસ શ્રીજી ડ્રેસવાલા (કાંદિવલી) પાસેથી લેવામાં આવ્યા હતા.

નૃત્ય નાટિકા કર્મલીલાના ડિરેક્ટર અને કોરીયોગ્રાફર કૌમી શાહ તથા કોન્સેપ્ટ પ્રોડયુસર અલ્પા કડકીઆ હતા. સેટીંગ માટે LED સ્ક્રીનનો ઉપયોગ કરી સેડ ઉભા કર્યા હતા. Appropriate Song Selection, Unique Choreography, સુંદર Makeup,

Sound, Light, Different Types of Properties નો સમાવેશ કરી સુંદર નૃત્યનાટિકા ભજવવામાં આવી હતી.

આ કાર્યક્રમના આયોજનમાં સચીન કડકીઆ, મિનોતીબેન શાહ તથા ધ્રુવીન કડકીઆનો સિંહફાળો છે.

કાર્યક્રમની શરૂઆતમાં સૌને ગીફ્ટ આપવામાં આવી હતી. જેનું કાઉન્ટર કમિટિની બહેનો તથા મિનોતીબેન શાહ, બીજલ મહેતા, રેખા ધારીઆ, હીના ધારીઆ, ડીમ્પલ કડકીઆ તથા રૂપલ કડકીઆએ સંભાળ્યું હતું. કાર્યક્રમને અંતે નાસ્તાના બોક્સ આપવામાં હાજર રહેલ નવયુવક સંઘના કમિટી મેમ્બરોએ મહિલા વિભાગને મદદ કરી હતી.

કાર્યક્રમના આયોજનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ અને સહકાર આપનાર સહુનો મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા બદલ ૬૭૫ બહેનો અને ભાઈઓને તથા દોડી દોડી પ્રેક્ટિસમાં આવી નૃત્યનાટિકા રજૂ કરનાર સૌ કલાકારોનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે. કાર્યક્રમને અંતે મિનોતીબેન શાહ તથા નવયુવકસંઘના પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ કલાકારોની ટીમને મંત્ર મુગ્ધ બનેલ પ્રેક્ષકો પાસે Standing Oviation અપાવી Auditorium ને તાળીઓથી ગુંજાવી દીધું હતું.

નૃત્યનાટિકા 'કર્મ લીલા'માં ભાગ લેનાર કલાકારોની યાદી : અલ્પા કડકીઆ, અમી પરીખ, અમી કરકેરા, અન્વી દેસાઈ, અવધિ દેસાઈ, બેલા પરીખ, ભાવના દેસાઈ, બીજલ ગાંધી, છાયા ધારીઆ, દર્શના પરીખ, દીપલ પરીખ, દેવાંશી શાહ, ડિમ્પલ પરીખ, દીશા દેસાઈ, હેમા રાજેશ પરીખ, હેમા રાકેશ પરીખ, જીજ્ઞા મોદી, કનકબેન મોદી, કોમલ શાહ, ક્રીશા પરીખ, મનિષા વખારીયા, મીના પરીખ, મીતા દેસાઈ, મિલોની પરીખ, મીતી શાહ, મોનાલી કડકીઆ, નયના ગાંધી, નેહા કડકીઆ, નિમિષા ધારીઆ, નીપા ધારીઆ, નિમિષા શાહ, પન્નાબેન, પરીતા કડકીઆ, પ્રતિક્ષા ગાંધી, પ્રતીક્ષા મોદી, પ્રીતિ ધારીઆ, પ્રીતિ કડકીઆ, પ્રીતિ પરીખ, પુનિતા કડકીઆ, રોબીના ધારીઆ, રેખા દેસાઈ, સર્જીતા પરીખ, સીમા શાહ, સેજલ ગાંધી, સેજલ પરીખ, શીતલ મોદી, શિલ્પા શાહ, શ્રધ્ધા ગુપ્તા, સોહિની કડકીઆ,સોનલ પરીખ, સોનાલી શાહ, તનુજા શાહ, તેજલ પરીખ, તેજશ્રી પરીખ, તૃપ્તિ કચેરીયા, તૃપ્તિ કડકીઆ, વૈશાલી મોદી, યાતી પરીખ, યેશા કડકીઆ, ઝંખના કડકીઆ.

## આગામી કાર્યક્રમ

**તારીખ : ૧૯-૧-૨૦૧૯, શનિવાર**

**સ્થળ :** લોઢા હોલ, શારદા વિદ્યા મંદિર સ્કૂલ, ગામદેવી ટેલીફોન એક્સચેજની ગલીમાં, ગામદેવી

**સમય :** ૨.૩૦ વાગે

## *'Let's Party'*

આ કાર્યક્રમના પાસ તારીખ ૮-૧-૨૦૧૯, મંગળવારના રોજ રૂા. ૧૦૦/- લઈ સંસ્થાની ઓફિસમાં (સી.પી.ટેન્ક) બપોરે ૩ થી ૪ વાગ્યા સુધીમાં આપવામાં આવશે અથવા કોઈપણ કમિટિની બહેનો પાસેથી લઈ શકાશે.

આ કાર્યક્રમમાં મેમ્બરશીપ કાર્ડ લાવવાનું જરૂરી છે. તે સિવાય એન્ટ્રી આપવામાં આવશે નહિ.

| મંત્રી | સંયોજક |
|---|---|
| **ભાવેશ મોદી** | **અલ્પા કડકીઆ** |
| | **૯૮૧૯૬૨૯૦૬૨** |

# કે. એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧) ઈકો કેમ્પ :** તા. ૧૮-૧૧-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૯ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૩-૧૧-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૭ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૩) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ નિદાન કેમ્પ :** તા. ૨૫-૧૧-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૮૩ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓના પેથોલોજી ટેસ્ટના રૂા. ૭૯૦૦/- તેમજ જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની રૂા. ૧૮૯૮૮/- ની દવાઓ મળીને કુલ રૂા. ૨૬૮૮૮/-ની માફી આપવામાં આવેલ. તે સિવાય ફાર્મા કંપની તરફથી પણ અમુક દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) તેમજ તેઓના ડૉક્ટરોની ટીમે તથા આપણી હોસ્પિટલના ફીજીશીયન જૉ. વિરલભાઈ પટેલએ સેવાઓ આપેલ. હવે આગામી ડાયાબિટીસ નિદામ કેમ્પ તા. ૩-૩-૨૦૧૯ના રોજ રાખવામાં આવેલ છે.

## દાતાશ્રીઓનો સન્માન સમારંભ

કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટનો વર્ષ ૨૦૧૮-૧૯ના દાતાશ્રીઓનો સન્માન સમારંભ આગામી તા. ૧૪-૩-૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) ના પટાંગણમાં યોજવામાં આવશે. સર્વ બાલાસિનોર વાસીઓને આ સમારંભની શોભામાં અભિવૃદ્ધિ કરવા ટ્રસ્ટ વતી અમારુ ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.

આ પ્રસંગે સર્વને નવનિર્મિત 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર' ની મુલાકાત લેવા પણ અમારી વિનંતી છે.

## દર્દી રાહત મિતિ યોજના

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત નવનિર્મિત 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર' ખાતે બાલાસિનોર નગર તેમજ તાલુકાના ગરીબ તેમજ મધ્યમવર્ગના દર્દીઓને રાહત દરે સારવાર મળી રહે તે માટે ડીમ્પલ રૂપેશ પરીખ 'દર્દી રાહત મિતિ યોજના' ટ્રસ્ટના પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ તરફથી રૂપિયા પાંચ લાખના અનુદાન સાથે શરૂ કરવામાં આવેલ છે. આ યોજનામાં રૂા. ૧૧૦૦૦/-ના યુનિટમાં દર્દી રાહત મિતિ યોજનામાં આપના તથા આપના કુટુંબીજનો તરફથી મિતિ યોજના નોંધાવવા માટે દાતાશ્રીઓને જાહેર અપીલ કરવામાં આવે છે. ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી રાહત યોજના થકી ૧૦૦૦ (એક હજાર) યુનીટ ઉભા કરીને તેના વ્યાજમાંથી સદર સેન્ટરના

દર્દીઓને રાહત આપવાનું નિર્ધાર્યું છે. તો આ યોજનામાં સર્વે બાલાસિનોરવાસીઓનો ઉમદા સહકાર મળી રહેશે તેવી અપેક્ષા સહ.

**આ યોજના હેઠન નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન/વચન મળેલ છે.**

| ક્રમ | નામ | રૂપિયા |
|---|---|---|
| ૧. | શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા) પ્રમુખશ્રી | ૫૦૦૦૦૦/- |
| ૨. | શ્રી રાજેન્દ્રભાઈ કીર્તનલાલ દેસાઈ (ઉપપ્રમુખ) | ૧૧૦૦૦/- |
| ૩. | શ્રી નિતીનભાઈ જયંતિલાલ પરીખ (બખલી) (મંત્રીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૪. | શ્રી પરેશભાઈ રસીકલાલ પરીખ (દુધવાળા) (મંત્રીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૫. | શ્રી રાજુલભાઈ મોહનલાલ પરીખ (લાય) (ખજાનચી) | ૧૧૦૦૦/- |
| ૬. | શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૭. | શ્રી નિતીનભાઈ પ્રવિણચંદ્ર ગાંધી (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૮. | શ્રી અજીત નવીનતલાલ કડકીઆ (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૯. | શ્રી નિમીષ મનહરલાલ કડકીઆ (મલમ) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૦. | શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (સ્થાનિક મંત્રીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૧. | શ્રી ઉર્વેશભાઈ રસીકલાલ મોદી (દેવ) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૨. | શ્રી અનીશભાઈ સુરેન્દ્રભાઈ ગાંધી (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૩. | શ્રી નીખીલભાઈ રમણીકલાલ ધારીઆ (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૪. | શ્રી અરવીંદભાઈ ચીમનલાલ પરીખ (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૫. | શ્રી દક્ષેશભાઈ બાબુલાલ કડકીઆ (લટકારી) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૬. | શ્રી પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૭. | શ્રી મહેશભાઈ ચીમનલાલ કડકીઆ (બનડા) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૮. | શ્રી સતિષભાઈ રસીકલાલ પરીખ (લાકડાવાળા) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૧૯. | શ્રી ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૨૦. | શ્રી ડૉ. કીરીટભાઈ મોદી (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૨૧. | શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૨૨. | શ્રી નિતીનભાઈ નટવરલાલ દેસાઈ (નાગર) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૨૩. | શ્રી શરદભાઈ નટવરલાલ દેસાઈ (નાગર) (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |
| ૨૪. | શ્રી નિતીનભાઈ રજનીકાંત શાહ (ટ્રસ્ટીશ્રી) | ૧૧૦૦૦/- |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ – માનદ્ મંત્રીશ્રીઓ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

❖ **શ્રી સુભાષ નટવરલાલ દેસાઈ**
**શ્રી નેવીલ સુભાષ દેસાઈ**
૩૦૨, હીલ વ્યુ એપાર્ટમેન્ટ, ૩જે માળે,
અપર ગોવિંદ નગર, એક્સીસ બેંકની સામે.
મલાડ (ઈસ્ટ)
**મોબાઈલ : ૮૬૫૭૧૫૩૫૭૧/**
**૯૮૬૯૧૨૩૩૯૭ / ૯૫૯૪૨૮૪૪૪૪**

## ટેલિફોન નંબર

❖ **રાજેન્દ્ર શાંતીલાલ પરીખ (જુનાગઢવાલા)**
**Mumbai :** - 7506761843 (India)
**Canada :** +1(647) 7417258

## તેજસ્વી તારલા

❖ **પરીસાબેન પિયુષકુમાર મિસ્ત્રી**એ ચાલુ શૈક્ષણિક વર્ષે B.D.S. નાં Final Year ની પરીક્ષા પાસ કરેલ છે. સંસ્થાવતી તેઓને હાર્દિક અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ મીરાબેન ચંદ્રકાંત દોશી | ૭૪ |
| ❖ ડીમ્પલ રૂપેશ પરીખ (ન્યુઝીલેન્ડ) | ૪૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**સંબંધોની સિલાઈ જો સ્વાર્થથી થઈ હશે તો**
**ટકવી મુશ્કેલ....**
**અને**
**જો લાગણીથી થઈ હશે તો**
**તૂટવી મુશ્કેલ....**